ज्ञानोन्मेष

e-ISSN : XXXX XXXX
Volume-1, Issue-3 : October-December, 2020

# પરિવારમાં જીવનમૂલ્યોની પ્રતિષ્ઠા

ડો. ભૈરવી દીક્ષિત

**સહાયક પ્રાધ્યાપક, સંસ્કૃત વિભાગ, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર**

**Received : 19-10-2020** **Published Online : Dec.-2020** **Accepted : 01-11-2020**

ભારતરાષ્ટ્ર અનાદિકાળથી પોતાના સમૃદ્ધ વારસા, ગુણો અને મૂલ્યો થકી જગતની તમામ સંસ્કૃતિઓમાં શિરમોર રહ્યો છે. જે ધર્મ અને સંસ્કૃતિમાં ખુદ ભગવાને પણ સમાજ વચ્ચે, કુટુંબ વચ્ચે, પરિવાર વચ્ચે આવીને મર્યાદા પુરુષોત્તમ અને પૂર્ણ પુરુષોત્તમનાં સ્વાંગ રચી મૂલ્યોની એક અનેરી, અનોખી અને અજીબ પ્રકૃતિ જગતને વારસામાં આપી છે. તેવાં જીવનમૂલ્યોની પ્રસ્તુત લેખમાં પ્રતિષ્ઠાપૂર્વક પૂજા - અર્ચના કરવાનો પ્રયાસ છે અને તે પણ પરિવારના સંદર્ભમાં. ભારતીય સનાતન સંસ્કૃતિના સંદર્ભે પરિવારને કુટુંબ તરીકે પણ ઓળખવામાં આવે છે. અહિ ભારતીય સંસ્કૃતિ પરિવાર કે કુટુંબને અલગ રીતે જ જોવે છે તે પણ નોંધવું ઉલ્લેખનીય છે

**अयं निजः परो वेत्ति गणना लघुचेतसाम् ।**

**उदारचरितानां तु वसुधैव कुटुम्बकम् ।।**

**(पञ्चतन्त्र, अपरीक्षित - ३७)**

(આ પોતાનું છે અને આ પારકું છે - આવો વિચાર તો તુચ્છ હૃદયવાળા લોકોને થાય છે. ઉદાર ચરિત્રવાળા માટે તો સમસ્ત સંસાર જ કુટુંબ છે. એટલે કે સમગ્ર પૃથ્વી એક કુટુંબ છે, પરિવાર છે.) સમાજના અગણિત સમૂહોમાં પરિવાર એક એવો સમૂહ છે જે પ્રાથમિક, નિશ્ચિત અને દીર્ઘકાલીન હોય છે. ઈતિહાસના પ્રત્યેક યુગમાં, સમાજ ભલે ગમે તેવો હોય, એમાં સમૂહ અવશ્ય પણે હોય છે અને અહીં મનુષ્ય પોતાના જન્મથી લઈને મૃત્યુ સુધી પરિવારની સીમામાં બંધાયેલો રહે છે. વ્યક્તિનાં જીવનમાં કેટલાય સમૂહો આવે છે, ધીરે-ધીરે એ સમૂહો છૂટતાં જાય છે પરંતુ પરિવાર જ એક એવો સમૂહ છે જે તેને કદી નથી છોડતો અને એ જ એનો દીર્ઘકાળ હોય છે.

પરિવાર વિનાના સમાજની કલ્પના પણ ના થઈ શકે. ઑગષ્ટ કોમ્પ્ટના મત અનુસાર ''પરિવાર સમાજની આધારભૂત ઈકાઈ છે.'' સમાજમાં પરિવારની ભૂમિકા પ્રદાયકની હોય છે. પરિવાર જ વ્યક્તિનું સામાજીકરણ કરે છે. આથી પરિવાર મનુષ્યના જીવનની બુનિયાદ છે. જે મનુષ્યને પ્રેમ, સ્નેહ, સહાનુભૂતિ, પરાનુભૂતિ, આદર, સમ્માન જેવા જીવનમૂલ્યો શીખવે છે. પ્લેટો એ કહ્યું છે - ''પરિવાર જ મનુષ્યની પ્રથમ પાઠશાળા છે.''

પરિવાર સામાજિક સંગઠનની મૌલિક કડી છે. પરિવારના અભાવમાં માનવસમાજના સુચારું સંચાલનની કલ્પના પણ દુષ્કર છે. આપણી સંસ્કૃતિ અને સભ્યતાએ કેટલાય પરિવર્તનનો સ્વીકાર કરી પોતાને પરિષ્કૃત કરી, પરિવારનું સ્પરૂપ અને તેના મૂલ્યોમાં ભલે પરિવર્તનો આવ્યા પરંતુ પરિવાર સંસ્થાના અસ્તિત્વ ઉપર કોઈ આંચ નથી આવી. અને આથી જ યુનો દ્વારા પ્રત્યેક વર્ષનો ૧૫મી મે નો દિવસ વિશ્વ પરિવાર દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

e-ISSN : XXXX XXXX
Volume-1, Issue-3 : October-December, 2020

કોઈપણ મનુષ્યના જીવનમાં મૂલ્યોનું ખૂબ જ મહત્વ હોય છે કેમકે એના આધારે જ સારા-ખરાબ કે સાચા-ખોટાની પરખ થઈ શકે છે. મનુષ્ય જીવનનું લક્ષ્ય એ છે કે તે સ્વ પ્રત્યક્ષીકરણ અને સ્વ-યોગને પ્રાપ્ત કર. જ્યારે તે જીવનનું વિશ્લેષણ અને ગુણ-દોષોનું વિવેચન કરે છે ત્યારે જીવન-મૂલ્યોની ખોજ કરે છે. પાઈથાગોરસે કહ્યું છે- ''મનુષ્યના જીવનમાં શારીરિક બળની તુલનામાં આધ્યાત્મિક બળ વધારે મહત્ત્વપૂર્ણ છે અને એમાં જ આનંદ છે. વેદો અને ઉપનિષદોનું આધ્યાત્મિક સદ્ઉપદેશ એ જ છે કે આપણે ઈમાનદાર, આશાવાદી, સત્યનિષ્ઠ, સશક્ત અને ઊંચા જીવન-મૂલ્યોમાં વિશ્વાસ ધરાવતા હોવા જોઈએ.'' જીવન-મૂલ્યો આપણાં વિચારો અને બુદ્ધિનું માર્ગદર્શન કરે છે. ધારો કે આપણે એ નિર્ણય કરવો છે કે અવ્યભિચાર (સંયમ) અને વ્યભિચાર વચ્ચે શું યોગ્ય છે ? જો આપણે સશક્ત જીવન મૂલ્યોનું પાલન કરતાં હોઈએ તો આપણા આત્માનો અવાજ જ જવાબ આપશે કે સંયમ જ પ્રશંસનીય અને ઉત્તમ છે અને વ્યભિચાર જઘન્ય કૃત્ય છે.

આપણામાંથી મોટાભાગના લોકો એ જ જીવન-મૂલ્યોને અનુસરે છે, જે આપણને આપણાં વડીલો-પૂર્વજો પાસેથી મળ્યાં છે અથવા તો આપણે આપણાં જીવન-મૂલ્યો સ્વયં વિકસિત કર્યા હોય. ક્યારેક આપણે કોઈ પાસેથી અનુગ્રહ કે સહાયતા માટે આપણાં મૂલ્યોની બલી ચડાવી દેતા હોઈએ છીએ, પરંતુ મૂલ્ય ત્યારે જ મૂલ્ય છે, જ્યારે આપણે વાસ્તવમાં તેને મૂલ્ય માનીએ. જો આપણે પોતે જ આચારશીલ ન હોઈએ, તો ભલે ગમે તેવા વિચારશીલ હોઈએ, મૂલ્યહીન છીએ. આ મહામૂલા અને સર્વોચ્ચ મૂલ્યોનું આરોપણ મનુષ્યના જન્મ બાદ પરિવારની પારિવારિક હૂંફ અને નિસ્વાર્થ કેળવણી થકી થતાં હોય છે.

મનુષ્યનાં જીવનની સૌથી પહેલી પાઠશાળા એટલે તેનો પરિવાર. પરિવાર એક એવી પાઠશાળા છે કે જ્યાં અવિરત પણે મૂલ્યોનું શિક્ષણ, સંવર્ધન, અને આચરણ થતું હોય. સમાજના પ્રત્યેક માતાપિતાનું કર્તવ્ય છે કે તે પોતાના સંતાનોમાં સારા સંસ્કારોનું, જીવનમૂલ્યોનું નાનપણથીજ પ્રતિપાદન કરે. બાળપણથી જ જે મૂલ્યોનું ઘડતર આપણામાં સંચિત હોય તે જીવનભર આપણી સાથે રહે છે. પરિવારમાં બાળક પરિવારના અનેક સભ્યોના સંપર્ક અને સંસર્ગમાં આવ્યા બાદ સૌ પ્રથમ ભાષારૂપી મૂલ્યથી આભૂષિત થાય છે એટલે કે બાળક તેના વિચારો અને કલ્પના શક્તિને શબ્દ દેહ આપતું થાય છે. સુસંસ્કારી ભાષા સમાન કોઈ અલંકાર નથી. નીતિશતકના એક શ્લોકમાં ભાષાની ગરિમાને ભવ્ય રીતે નિરૂપિત કરાયેલ છે.

**केयूरा न विभूषयन्ति पुरुषं हारा न चन्द्रोज्जवला**

**न स्नानं न विलेपनं न कुसुमं नालङ्कृता मूर्धजाः ।**

**वाण्येका समलङ्करोति पुरुषं या संस्कृता धार्यते**

**क्षीयन्ते खलु भूषणानि सततं वाग्भूषणं भूषणम् ॥**

(બાજુબંધ પુરુષને સજાવતો નથી. ચંદ્ર સમાન ઉજ્જવળ હાર, સ્નાન, ચંદન લેપ, ફૂલ, સારી રીતે ઓળેલા વાળ, એ પુરુષને શોભાવતા નથી, પરંતુ સંસ્કારયુક્ત વાણી માત્ર જ પુરુષને શોભા આપે છે. ખરેખર! અન્ય ભૂષણોનો ધીરે ધીરે ક્ષય થાય છે, વાણી જ પરમ ભૂષણ છે.) આમ, વાણી એટલે ભાષા કે જે બાળકને પરિવાર તરફથી મળતું પહેલું શિક્ષણ છે. બાળક પરિવારની ઊર્મિ અને ઉષ્માભર્યા વાતાવરણમાં અનુક્રમે સાંભળી, બોલી, વાંચીને લખતા શીખે છે. શીખવાની આ પ્રક્રિયાના પડછાયામાં સહજ રીતે મૂલ્યોની પ્રતિષ્ઠા થતી હોય છે.

પરિવાર એ સમાજનું એક અવિભાજ્ય અંગ છે. પરિવારમાં જ વ્યક્તિનું પાલન પોષણ થતું હોય છે. પરિવાર દ્વારા જ વ્યક્તિને સમાજ કે રાષ્ટ્ર વિષે જ્ઞાન પ્રાપ્ત થાય છે. પ્રત્યેક વ્યક્તિમાં જીવન મૂલ્યોની પ્રતિષ્ઠામાં પરિવાર જ કેન્દ્ર બિંદુ હોય છે. પરિવાર દ્વારા સારા સંસ્કારનું સંસ્કરણ અનિવાર્ય છે. પરિવારના સભ્યો તેમની ભાવનાઓ, તેમની સમસ્યાઓ પર સતત ચિંતન-મનન કરતા હોય છે. મનુષ્યના વર્તન, વ્યવહાર, તેના કાર્યો વગેરે તેને પ્રાપ્ત થયેલ જીવનમૂલ્યો પર આધારિત હોય છે. મૂલ્યો એ કોઈપણ વ્યક્તિને તેના પરિવારના વડીલો દ્વારા આપવામાં આવેલું શિક્ષણ છે. કોઈપણ વ્યક્તિના જીવનમાં મૂલ્યોનું મહત્વનું યોગદાન હોય છે જેના આધારે વ્યક્તિ પોતાના વ્યક્તિત્વ સર્જનની પા પા પગલી માંડે છે. વ્યક્તિનું જીવનચરિત્ર અને સમગ્ર વ્યક્તિત્વનાં વિકાસમાં તેના જીવનના શરૂઆતનાં વર્ષોમાં જે જે મૂલ્યોથી પ્રેરણા પ્રાપ્ત થઈ હોય તે તમામ મુલ્યોનો સતત પ્રભાવ અંકિત થતો હોય છે.

આમ મૂલ્યોની ગાથા, મૂલ્યોનું આરોપણ, મૂલ્યોનું અર્ચન અને મૂલ્યોનું પ્રતિરોપણ એક પારિવારિક એકમથી રોપાય છે. જેનાથી પરિવારનું શારીરિક, માનસિક, ધાર્મિક, ભૌતિક અને આધિ-ભૌતિક સ્વાસ્થ્યનું નિર્માણ થાય છે. એક સારી શેરી સારા ગામનું સર્જન કરે છે, એક સારું ગામ સારો પ્રદેશ, સારું રાજ્ય, સારો દેશ અને તેથી વધીને સારા વિશ્વનું સર્જન કરે છે. બદલાતા જતાં સમય, પરિસ્થિતિ અને વિપરીત સંજોગોમાં પરિવાર તૂટતાં જાય છે, પરિવારની વ્યાખ્યા જરૂરિયાત અને સ્વાર્થનાં દ્રષ્ટિકોણથી સીમિત થઈ જાય છે, ત્યારે ભારતીય સંસ્કૃતિ, વેદો, ઉપનિષદો, મહાકાવ્યો તથા મહામનુષ્યોનાં જીવન ચરિત્રમાંથી નીતરેલા જીવન મૂલ્યોને પરિવારની પ્રેમની પાઠશાળામાં સંચિત કરવામાં આવે તો ઉત્તમ પ્રકારના સમાજનું નિર્માણ થતું કોણ અટકાવી શકે ?

ખાસ કરીને આજે કોરોનારૂપી મહામારીએ ભરડો લીધો છે. પ્રબુદ્ધ બૌદ્ધિકોમાં B.C. અને A.C. એટલે કે બીફોર કરોના અને આફ્ટર કોરોના એમ બે યુગની ચર્ચા ચાલી રહી છે, ત્યારે પારિવારિક મૂલ્યો દ્વારા એક સંનિષ્ઠ અને સુદ્રઢ સમાજની રચના કરી ભારતને વિશ્વગુરુ બનાવવાની પ્રક્રિયામાં એક એકમ બની શકાય તેવી તક ઉજાગર થઈ છે.

મૂલ્ય શબ્દ સામાન્યતઃ કિંમત સાથે જોડાયેલો છે. આથી મૂલ્ય એબ્સર્ડ પણ છે. જેમ કે ભૂખ લાગી હોય ત્યારે રોટલાનું મૂલ્ય હોય અને ભરેલ પેટે છપ્પન ભોગ થાળ પણ અસરકારક ન હોય. આમ મૂલ્યો વ્યક્તિની જરૂરિયાતો અને અગ્રતાક્રમ મુજબ પોતાનો ક્રમ નક્કી કરતા હોય છે. અસત્ય બોલવું એ પાપ છે, પરંતુ ભગવાન શ્રીકૃષ્ણએ ગીતામાં ધર્મ માટે આચરેલ અસત્યને પણ મૂલ્ય ગણાવ્યું છે. આથી મૂલ્યોની વ્યાખ્યા, પરિભાષા, અર્થ, સમજણ, ચિંતન, મનન અને ફલશ્રુતિ દરેક વ્યક્તિએ, દરેક પરિસ્થિતિએ અને દરેક પરિપેક્ષ્યમાં બદલાતી જતી હોય છે.

જીવનની પ્રક્રિયામાં દરેક વ્યક્તિ પોતાના પારિવારિક વારસા અને સંસ્કારો મુજબ સંચિત જીવન મૂલ્યોના આધારે પોતાના વ્યક્તિત્વનો પાયો રચે છે અને નિર્ધારિત કરે છે કે તેના જીવનમાં સૌથી વધુ શું મહત્ત્વપૂર્ણ છે? વ્યક્તિ પોતાની માન્યતાઓ, વિચારો, સિદ્ધાંતો, વિચારસરણી અને વર્તનને જીવનનાં અર્થ સાથે સાધવાનો પ્રયત્ન કરે છે. પોતાના પાત્રને આકાર આપી અને કર્મ થકી પોતાનું નસીબ નક્કી કરે છે. વ્યક્તિના જીવનનું આ મનોમંથન તેને સકળ પ્રશ્નના ઉકેલની તક આપે છેઃ ‘‘હું કેમ જીવું છું?’’ હું શા માટે

e-ISSN : XXXX XXXX
Volume-1, Issue-3 : October-December, 2020

જીવું છું? આ પ્રશ્નના જવાબ પરિવારના પાયામાં બાળકને બાળપણથી મળેલ મૂલ્યોનો કુલ સરવાળો હોય છે.

કેટલાંક મૂલ્યો વ્યક્તિગત હોય છે જે પાછાં ભૌતિક, આધ્યાત્મિક તથા નૈતિકમાં વિભાજિત કરી શકાય, કેટલાંક મૂલ્યો કૌટુંબિક હોય છે. તથા કેટલાંક મૂલ્યો સામાજિક હોય છે. સમાજિક મૂલ્યો સમય જતા વ્યક્તિગત મૂલ્યો, કાયદાકીય નિયમો અને રીતરિવાજનો પાયો નાખે છે. દા.ત. ચોરી કરવી ખોટું છે - એ પછી કાયદો બની ગયો છે. મોરીસ મેસેના કહેવા પ્રમાણે જીવનમૂલ્ય ઘડતરનાં ત્રણ તબક્કાઓ જીવનના ત્રણ સમયગાળા દરમિયાન ઘડાતાં હોય છે.

**મૂલ્યોથી છાપ પડવાનો સમયગાળોઃ ૦ થી ૭ વર્ષ**

**મૂલ્યો ઘડવાનો સમયગાળોઃ ૮ થી ૧૩ વર્ષ**

**સામાજીકરણનો સમયગાળોઃ ૧૪ થી ૨૧ વર્ષ**

આમ આ ત્રણેય સમયગાળામાં બાળકનું ભણતર, ઘડતર અને ગણતર થતું હોય છે. માનો કે ન માનો, જીવનમાં મૂલ્યોનું અસ્તિત્વ છે જ. જિંદગીનાં મૂલ્યો ક્યાં છે તે ઓળખો તથા તે મૂલ્યો પ્રમાણેનું આયોજન કરી જિંદગી જીવો તો જીવન જીવવું વધુ સરળ થઈ જાય. જેમ-જેમ જિંદગીનાં વિવિધ તબક્કાઓ પસાર થતા જાય, તેમ તેમ અમુક મૂલ્યો બદલાઈ શકે છે. જેમ કે શરૂઆતમાં પૈસા કે હોદ્દા દ્વારા મપાતી કારકિર્દી, સફળતા, પ્રતિષ્ઠા, મોભો વગેરેનું મૂલ્ય વધુ હોય પણ પછીથી કુટુંબ તથા વ્યાવસાયિક-જીવનના સમતોલપણાંનું મહત્ત્વ વધુ હોય. તેથી જ મૂલ્ય વિશેનું ચિંતન એ એક સતત ચાલતી પ્રક્રિયા છે. ફળશ્રુતિના પરિણામ સ્વરૂપે માત્ર મૂલ્યનિષ્ઠ જીવનશૈલી અને પરિવારભાવના જીવનમાં સંતોષ અને પૂર્ણતાની ખાત્રી કરાવે છે.

મૂલ્ય વગરનું શિક્ષણ ગમે તેટલું ઉપયોગી હોવા છતાં માણસને હોશિયાર શેતાન બનાવે છે. સી.એસ. લુઈસ તથા ઓસ્કાર વાઈલ્ડે કહ્યું છે તેમ આજકાલ લોકોને દરેક વસ્તુના ભાવની ખબર છે, મૂલ્યોની નહીં. માત્ર આપણા પોતાનાં જ નહીં પણ આપણાં બાળકોનાં જીવનમાં પણ મૂલ્યો કેળવવાની આપણી સૌની ફરજ છે. કેમ કે, જેમ્સ ડોબ્સને કહ્યું છે તેમ બાળકો આપણાં જીવનમાં અચાનક આવી નથી ગયાં, પરંતુ તેમનાં જીવનરૂપી વૃક્ષને પ્રેમ વડે મૂલ્યોનું સિંચન કરી, ઉછેરી, વટવૃક્ષ બનાવવાં આપણને ઉછીના આપવામાં આવ્યાં છે. પરિવારની પાઠશાળામાં બાળકમાં જીવનમૂલ્યો કેળવાય તો ખરા અર્થમાં માનવતાથી છલકાતા માનવીનું સહજ ઘડતર થાય છે. પરિવારની હૂંફ અને સંવેદનામાં સદગુણ સભર મૂલ્યોની કેવી રીતે પ્રતિષ્ઠા કરી શકે તે અંગેની હૃદયસ્પર્શી સમજ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત 'પરિવારની પાઠશાળા' નામનાં પુસ્તકમાં અદભૂત રીતે આલેખાયેલી છે.

પરિવારના વાતાવરણમાં આદર્શ ઉદાહરણ (Role Model) પૂરું પાડીને મૂલ્યોને કેળવવા એ સૌથી આસાન રસ્તો છે. અન્ડૂ કોમ્બેએ કહ્યું છે તેમ, આપણાં બાળકો જેવાં બને તેમ આપણે ઈચ્છતા હોઈએ, તો તેવા આપણે બનવાનો પ્રયત્ન કરવો જરૂરી છે. બાળકો તમારુ સાંભળતા નથી એની ચિંતા નહીં કરો, ચિંતા એ વાતની કરો કે તેઓ હંમેશાં તમને નિહાળી રહ્યા છે. રોબર્ટ ફલ્ધમ સૂચવે છે કે બાળકને અહેસાસ કરાવો કે તેનું કુટુંબમાં મહત્ત્વ છે, તેને સહુ ખરી લાગણીથી પ્રેમ કરે છે. જેથી તે પણ પ્રેમનું મહત્ત્વ સમજે. નિર્ણય કેળવવામાં મદદ કરો પણ તે સ્વતંત્ર નિર્ણય કેળવતું થાય તેવો સંવાદ સ્થાપો. તેને આદર આપો, પ્રામાણિકતા આચરો,

e-ISSN : XXXX XXXX
Volume-1, Issue-3 : October-December, 2020

માફ કરતાં શીખો, ઉદારતા કેળવો, જવાબદારી સોંપો, બાળકની કુતુહલતા મરી ન પરવારે તે માટે પ્રશ્નો પૂછો, ધ્યાનથી સાંભળો, ન આવડતું હોય તો ના પાડો તથા બાળકની આંતરિક અને કાલ્પનિક શક્તિના વિકાસ અર્થે બાળક સાથે વાંચો, વાર્તા/જીવન પ્રસંગોનું (જેમ કે પંચતંત્ર વગેરે) વાંચન, ટીવી-મીડિયા આધારિત ચર્ચાઓ દ્વારા મૂલ્યોનું સિંચન કરો તથા રીતરિવાજો અને નાના મોટા પ્રસંગો સાથે હળીમળીને ઊજવો.આવી નાની નાની ચાવીરૂપ બાબતો જગતના મોટામસ પ્રશ્નોને મહાત કરવામાં સક્ષમ હોય છે. પરિવારમાં આવી નાની નાની બાબતોની લેવાયેલી તકેદારી અને કાળજી બાળકમાં ઉત્તમ પ્રકારના મૂલ્ય પ્રતિષ્ઠાની જન્મદાત્રી છે.

વ્યક્તિની સાચી ઓળખાણ તેનામાં રહેલા જ્ઞાનની સાથે સાથે તેના આચરણ અને વ્યવહાર પરથી થતી હોય છે. સારા આચરણ વગરની વ્યક્તિ અધુરી છે. જે વ્યક્તિ પોતાના જીવનમાં મૂલ્યોનું યથોચિત આચરણ કરે છે, તે વ્યક્તિ ખૂબ જ વિશ્વસનીય અને સમાજમાં દરેક સ્થાને આવકાર્ય હોય છે. સારા જીવનમૂલ્યો દરેક મનુષ્યને પોતાના વ્યક્તિગત જીવન અને વ્યાવસાયિક ક્ષેત્રમાં સકારાત્મક દિશા ચિંધવામાં મદદરૂપ બને છે. એક સારી વ્યક્તિ બનવા માટે આધુનિક યુગમાં પરિવારમાં પ્રેમ, અહિંસા, દયા, આધ્યાત્મ, સત્ય, ઉદારતા, કરુણા, શાંતિ, સદભાવ, એકતા, ક્ષમા, ઈમાનદારી, સહિષ્ણુતા, સંવેદનશીલતા, સમભાવ, વિશ્વાસ, વફાદારી, બંધુત્વ, વગેરે સદગુણોની પ્રતીતિ સમા જીવનમૂલ્યોની પ્રતિષ્ઠા કરવા માટે ભારતીય સાહિત્યમાં દર્શિત મૂલ્યવાન અવતરણોને ચરિતાર્થ કરવાનો સમય આવી ગયો છે. સંસ્કૃતભાષા ભારતદેશની ગૌરવવંતી ભાષા છે. સંસ્કૃત સાહિત્ય જ્ઞાનની ગંગોત્રી છે, જે સાંપ્રત સમયમાં આ જ્ઞાનની સરવાણીને પ્રત્યેક પરિવારમાં વહેતી મુકવી અતિ આવશ્યક બની રહે છે. તૈત્તિરીયોપનીષદ, શિક્ષાવલ્લીમાં જીવનમૂલ્યોની અમુલ્ય ભેટ પ્રદત્ત છે જેમકે....

**सत्यं वद धर्मं चर । स्वाध्यायान्मा प्रमदः।**

અર્થાત સત્ય બોલો, ધર્મનું આચરણ કરો, સ્વાધ્યાયમાં આળસ ન કરો.

**मातृ देवो भव। पितृ देवो भव। आचार्य देवो भव। अतिथि देवो भव।**

અર્થાત માતાને, પિતાને, આચાર્ય(ગુરુ)ને અને અતિથિને દેવતા સમાન માની તેમની સાથે વ્યવહાર કરવો જોઈએ.

આપણી સંસ્કૃતિ આવા કેટલાય ઉચ્ચ જીવનમૂલ્યોનાં ખજાનાથી ભરપુર ભરેલી છે, જેનું પ્રતિપાદન દરેક વ્યક્તિમાં બાળપણથી જ થવું જરૂરી છે. પરિવાર ત્યારે જ સુખી, સ્વસ્થ, સંવેદનશીલ, સક્ષમ અને સંસ્કારિત બને છે, જયારે અમૂલ્ય જીવનમૂલ્યોની પ્રતિષ્ઠા પરિવારના પ્રત્યેક સદસ્યનાં પાલન-પોષણરૂપી પાયામાં પ્રતિપાદિત હોય. પ્રસ્તુત લેખના સમાપન સમયે બૃહદારણ્યક ઉપનિષદનો સર્વત્ર સર્વકાલીન સુપ્રસિધ શ્લોક સાથે સર્વજનહિતાય, સર્વજનસુખાય મંગલકામના....

**ॐ सर्वे भवन्तु सुखिनः सर्वे सन्तु निरामयाः।**

**सर्वे भद्राणि पश्यन्तु मा कश्चित् दुःख भाग्भवेत् ।।**